|| જય એકલિંગજી ||

# શ્રી ભટ્ટ મેવાડા જ્ઞાતિ હિતવર્ધક મંડળ, મુંબઈ

**સી - 5/6, હરિ ૐ એપાર્ટમેન્ટ, શાસ્ત્રી નગર ની સામે, એસ. વી. રોડ,**
**બોરીવલી (પ), મુંબઈ – ૪૦૦૦૯૨**
**(સ્થાપના : સંવત 1976) રજીસ્ટર્ડ નં. 1144 (મુંબઈ)**

## સર્વ સાધારણ વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૦૪-૨૦૨૫ માટેની સૂચના

તા. ૨૪-૦૩-૨૦૨૫

આદરણીય સભ્યો,

આથી સર્વે સભ્યોને જાહેર સૂચના આપવામાં આવે છે કે આપણા મંડળની વાર્ષિક સર્વ સાધારણ સભા નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળ પર રાખવામાં આવેલ છે. તમામ સભ્યોને નમ્ર વિનંતી છે કે આપ સહુ સમયસર સભામાં ઉપસ્થિત રહેશોજી.

**સભાનું સ્થળ :**
**શ્રી મુર્ધનેશ્વર મહાદેવ મંદિર, આનંદ નગર, લિન્ક રોડ, આનંદ નગર મેટ્રો રેલ સ્ટેશન પાસે, દહિસર (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૬૮**

**સભાની તારીખ અને સમય : ૨૦-૦૪-૨૦૨૫ રવિવાર, સાંજે ૩.૪૫ થી ૬.૦૦ સુધી (સ્થાનીક સમય) [અલ્પાહાર સાથે]**
(જો પૂરતું કોરમ ન હોય તો, બેઠક મુલતવી રાખવામાં આવશે અને તે સાંજે ૪.૧૫ વાગ્યે શરૂ થશે અને બેઠક દરમિયાન લેવાયેલા નિર્ણયો બધાને સ્વીકાર્ય માનવામાં આવશે)

**એજેન્ડા (સભાની કાર્યસૂચી) :**
૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચીને બહાલી આપવી
૨. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નાં હિસાબ / અહેવાલની ચર્ચા અને બહાલી આપવી
૩. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ અને ૨૦૨૫-૨૦૨૬ માટે ઓડિટર નીમવા બાબતે
૪. જ્ઞાતિનાં સુધારેલ બંધારણને બહાલી આપી અમલી બનાવવું.
૫. મંડળની ઓફિસનાં રી-ડેવલેપમેન્ટ ની પ્રગતિ વિશે
૬. મંડળ માટે વધારાની જગ્યા લેવા માટે ભંડોળ ઊભું કરવા બાબતે
૭. નોટબુક અને અન્ય અનુદાન માટે કાયમી દાતાઓ ની પરિભાષા નક્કી કરવી
૮. વર્ષ દરમ્યાન બીજા કાર્યક્રમો કરવાની યોજના વિશે ચર્ચા અને બહાલી આપવી
૯. નવી કારોબારી સમિતિ ની ચૂંટણી બાબતે
૧૦. અન્ય કોઈ બાબતની ચર્ચા - પ્રમુખશ્રીની અનુમતિથી

નોંધ : નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩નો આવક-જાવક નો હિસાબ, બેલેન્સ શીટ, ઓડિટ રિપોર્ટ તથા સુધારેલ બંધારણની કોપી આ સાથે પાઠવી છે અને તે મંડળની વેબ સાઈટ https://www.bhattmewadamumbai.in ઉપર ડાઉનલોડ કરવા ઉપલબ્ધ છે. એની પ્રત મંડળનો કોઈપણ સભ્ય પોતાના ઓળખપત્ર સાથે લેખિતમાં અરજી આપીને મંડળની ઓફિસેથી ૦૬-૦૪-૨૦૨૫ ને રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૦ વાગ્યા સુધીમાં રૂબરૂ આવીને પ્રાપ્ત કરી શકે છે. મંડળનાં જૂના બંધારણની કોપી મંડળની વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

વાર્ષિક આવક-જાવકના અહેવાલ કે પ્રસ્તાવિત સુધારેલ બંધારણ બાબતમાં કોઈપણ જાતના પ્રશ્ન હોય તો તેની લેખિત અરજી તા. ૧૨-૦૪-૨૦૨૫ સુધીમાં મંડળના ઈ-મેલ એડ્રેસ bhattmewadamumbai@gmail.com અથવા whatsapp નંબર 9969518091 ઉપર મોકલવી. ત્યારબાદ કોઈપણ જાતની અરજી સ્વીકારવામાં આવશે નહીં.

તે છતાં ઉપરોક્ત મિટિંગ કે વિગત બાબતે કોઈપણ ચોખવટ જોઈતો હોય તો સભ્યો, નીચે જણાવેલ નંબર ઉપર માનદ મંત્રીનો સંપર્ક સાધી શકે છે.

લિ. માનદ્ મંત્રી ( Sd/-)

શ્રી પ્રદીપ રમેશચંદ્ર ગોર (મો. ૯૩૨૨૨ ૬૫૦૯૦) શ્રી હેમંતભાઈ જે પંડ્યા (મો. ૯૯૨૦૩ ૮૬૫૮૬)

**ધન્યવાદ**